# લેબર કોર્ટ નંબર (૧), વડોદરાના પ્રિસાઈડીંગ ઓફિસરશ્રી જે. ડી. સિંધી સાહેબ સમક્ષ

**આંક : ૨૧**
**રેફરન્સ (એલ.સી.વી.) નંબર : ૨૯૦/૨૦૧૫**

**પ્રથમ પક્ષકાર ::** (૧) **એડમિનીસ્ટ્રેટર એ.પી.એમ.સી. ફતેપુરા**
હાથીખાના, ફતેપુરા,
વડોદરા.

(૨) **કોન્ટ્રાકટર ભારતસિંગ ચાવડા**
સૂર્યા સિકયુરીટી સર્વિસ,
વી.વી.સી. બિલ્ડીંગ, જી.આઈ.ડી.સી.,
મકરપુરા, વડોદરા.

(૩) **જે.ડી.જે. સિકયુરીટી પ્રાઈવેટ લીમીટેડ**
એફ.એફ. ૧૫ એ.બી.,
સીતારામ સુપર માર્કેટ,
પ્રકૃતિ રીસોર્ટ સામે, છાણી રોડ,
વડોદરા.

**વિરૂઘ્ધ**

**બીજા પક્ષકાર ::** **મહેશભાઈ સુરેશભાઈ કહાર**
૮/૦, રાષ્ટ્રીય મઝદુર યુનિયન,
આરામ બિલ્ડીંગ, પુલબારીનાકા,
સલાટવાડા, વડોદરા.

**રજુઆત :** પ્રથમ પક્ષકાર નંબર (૧) અને (૩) તરફે **વિ. વકીલશ્રી એસ. જે. શાહ.**
પ્રથમ પક્ષકાર નંબર (૨) તરફે **ગેરહાજર.**
બીજા પક્ષકાર તરફે **વિ. પ્રતિનીધીશ્રી અતુલ કુરુપ.**

## :: એ વો ર્ડ ::

(૧) આ કામમાં બંને પક્ષકારો વચ્ચેના ઔદ્યોગિક વિવાદ આઈ.ડી. એકટની કલમ–૧૦(૧)સી હેઠળ મદદનીશ શ્રમ આયુકતશ્રી વડોદરા તરફથી હુકમ ક્રમાંક : કે. એચ. / એસ. એચ. / એમ. સી. / વ / એ. જે. / ૧૭૭૫૮, તારીખ : ૨૦/૦૭/૨૦૧૫ ના રોજ લેબર કોર્ટ વડોદરાને ન્યાય નિર્ણય અર્થે બીજા પક્ષકાર શ્રમયોગીને પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા અન્ય મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહિત નોકરીમાં મુળ

જગ્યાએ પુન: સ્થાપિત કરવા કે કેમ ? તે માટે રીફર કરવામાં આવેલ છે.

(૨) આ કામમાં પ્રથમ પક્ષકાર નંબર (૧) ને ''સંસ્થા'' તથા પ્રથમ પક્ષકાર નંબર (ર) તથા પ્રથમ પક્ષકાર નંબર (૩) ને ''કોન્ટ્રાકટર'' તેમજ બીજા પક્ષકારને ''શ્રમયોગી'' તરીકે હવે પછી સરળતા ખાતર સંબોધવામાં આવશે.

(૩) અત્રેની અદાલત તરફથી સદર રેફરન્સના કામે પક્ષકારોને આંક–ર થી નોટીસ ઈસ્યુ કરવામાં આવતા પક્ષકારોને નોટીસની ધોરણસરની બજવણી થયેલ છે. બીજા પક્ષકાર શ્રમયોગીએ આંક–૩ થી તેમનું સ્ટેટમેન્ટ ઓફ કલેઈમ રજુ કરેલ છે. શ્રમયોગીએ તેમના સ્ટેટમેન્ટ ઓફ કલેઈમમાં મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, તેઓ પ્રથમ પક્ષકાર નંબર (૧) સંસ્થામાં તારીખ : ૦૧/૦૧/ર૦૦૪ ના રોજથી વોચમેન તરીકે એ.પી.એમ.સી. ખાતામાં દૈનિક રૂા. ર૦૦/– ના પગારથી ખંત અને વફાદારીપૂર્વક ફરજો બજાવતાં હતાં. તેઓએ પ્રથમ પક્ષકાર નંબર (૧) સંસ્થામાં નોકરીમાં જોડાયા ત્યારથી છુટા કર્યા ત્યાં સુધી સતત અને સળંગ ફરજો બજાવેલ છે અને તેઓને તેઓની ફરજો દરમ્યાન કોઈ નોટીસ, ઠપકો કે મેમો મળેલ નથી. વધુમાં એવી પણ રજુઆત કરેલ છે કે, પ્રથમ પક્ષકાર નંબર (૧) જુદા–જુદા કોન્ટ્રાકટર હેઠળ કામદારોને કામ ઉપર રાખતાં હતાં અને સરકારશ્રી ધ્વારા બહાર પાડેલ મિનીમમ વેજીસ ચુકવતાં ન હોવાથી તેઓ યુનિયનમાં જોડાયેલ અને સરકારી મજુર અધિકારીશ્રીને આ બાબતે ફરીયાદ કરેલ. બીજા પક્ષકાર શ્રમયોગી પાસે સંસ્થાના મેનેજર તથા સુપરવાઈઝરો કામગીરી કરાવતા હતાં તેમજ શ્રમયોગીને કામગીરી સોંપતા હતાં અને સંસ્થાના અધિકારીશ્રીઓની દેખરેખ હેઠળ સંતોષકારક કામગીરી કરતાં હતાં. પ્રથમ પક્ષકાર નંબર (ર) કોન્ટ્રાકટરને ફકત નામ પુરતા અને પેપર અરેન્જમેન્ટ પુરતા જ રાખવામાં આવેલ. કોન્ટ્રાકટરે લોડીંગ–અનલોડીંગનું લાયસન્સ લીધેલ પરંતુ બીજા પક્ષકાર શ્રમયોગી સિકયુરીટી અને માલ–સામાનની દેખરેખનું કામ કરતા હતાં. શ્રમયોગી કાયમી પ્રકારનું સિકયુરીટી ગાર્ડ તરીકે કામ કરતાં હતાં અને જયાં સુધી પ્રથમ પક્ષકારનું અસ્તિત્વ રહેશે ત્યાં સુધી સિકયુરીટી ગાર્ડની જરૂરીયાત રહેશે. કોન્ટ્રાકટ પધ્ધતિ શામ અને બોગસ છે તેમજ શ્રમયોગીને કાયદેસરના હકકોથી વંચિત રાખવા ઉપજાવી કાઢેલ પેપરએરેન્જમેન્ટ છે. બીજા પક્ષકાર શ્રમયોગી સંસ્થામાં પ્રથમ પક્ષકાર કોન્ટ્રાકટરના તાબા હેઠળ કામ કરતાં હતાં ત્યારે શ્રમયોગીને લઘુત્તમ વેતન, પગાર ચિઠ્ઠી, હાજરીકાર્ડ, પ્રોવિડન્ડ ફંડ, ઈ.એસ.આઈ. વિગેરે આપતા ન હોવાથી શ્રમયોગીએ યુનિયન મારફતે સરકારી મજુર અધિકારીશ્રીને ફરીયાદ કરતાં સંસ્થાએ શ્રમયોગી સાથે કિન્નાખોરી રાખી

ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલ છે. વધુમાં એવી પણ રજુઆત કરેલ છે કે, પ્રથમ પક્ષકારોએ એકબીજાના મેળાપીપણાંમાં શ્રમયોગીને તારીખ : ૦૧/૦૪/૨૦૧૫ ના રોજ કોઈપણ જાતના કારણો સિવાય, કોઈપણ જાતની બચાવની તક આપ્યા સિવાય તથા નોટીસ, નોટીસ પગાર કે છટણી વળતર ચુકવ્યા સિવાય મૌખિક હુકમથી ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે કુદરતી ન્યાયના સિધ્ધાંતોનો ભંગ કરી નોકરીમાંથી છુટા કરી દીધેલ છે. જેથી શ્રમયોગીએ મદદનીશ શ્રમ આયુકતશ્રી સમક્ષ ઔદ્યોગિક વિવાદ ઉપરસ્થિત કરેલ જેમાં સમાધાન શકય નહીં બનતાં સદર રેફરન્સ ન્યાયનિર્ણય અર્થે અત્રે રીફર કરવામાં આવેલ છે. વધુમાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ શ્રમયોગીને નોકરીમાંથી છુટા કરતાં તેઓએ અન્ય જગ્યાઓએ નોકરી મેળવવા પ્રયત્નો કરેલ હોવા છતાં નોકરી મળેલ નથી અને હાલ તેઓ બેકાર છે. પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકાર શ્રમયોગીની જગ્યાએ બીજા નવા કામદારોને નોકરી ઉપર રાખેલ છે અને શ્રમયોગી જે પ્રકારનું કામ કરતાં હતાં તે પ્રકારનું કામ તેઓ પાસે કરાવે છે. આમ, બીજા પક્ષકાર શ્રમયોગી તરફે ઉપરોકત હકીકતોએ માંગણાંનું નિવેદન રજુ કરી એવી દાદ માંગેલ છે કે, પ્રથમ પક્ષકારોએ એકબીજાના મેળાપીપણાંમાં બીજા પક્ષકાર શ્રમયોગીને તારીખ : ૦૧/૦૪/૨૦૧૫ ના રોજથી નોકરીમાંથી છુટા કરવાનું પગલું ગેરકાયદેસર ઠરાવી તમામ લાભો સહિત સળંગ નોકરી ગણી તેઓની મૂળ જગ્યાએ પડેલાં દિવસોના પુરેપુરા પગાર સાથે નોકરીમાં પુન: સ્થાપિત કરવા અને રેફરન્સ ખર્ચ અપાવવા અરજ કરેલ છે.

(૪) આ કામે અરજદાર તરફે સામાવાળા સંસ્થાને આંક–૫ થી માંગણાં નિવેદન મોકલી આપેલ છે તેની આર.પી.એ.ડી. ની સ્લીપ સામાવાળા નંબર (૧) એ.પી.એમ.સી. ને આંક–૫/૧, સામાવાળા નંબર (૨) સૂર્યા સિકયુરીટીને આંક–૫/૨ અને સામાવાળા નંબર (૩) જે.ડી.જે. સિકયુરીટી સર્વિસને આંક–૫/૩ થી આર.પી.એ.ડી. ની સ્લીપ રજુ કરેલ છે જે વંચાણે લેતાં સામાવાળાઓને નોટીસ બજી ગયેલ છે. આ કામે અરજદાર તરફે સામાવાળાઓ પાસેથી આંક–૮ થી સંસ્થાની રજીસ્ટ્રેશનની લાયસન્સની નકલ ૨૦૦૪ થી ૨૦૧૫ (૨) કોન્ટ્રાકટ લાયસન્સ અને કોન્ટ્રાકટ અને પ્રથમ પક્ષકાર વચ્ચે જે કરાર થયેલો છે તે સને ૨૦૦૪ થી સને ૨૦૧૫ સુધી નો કરાર છે. (૩) કોન્ટ્રાકટ લેબર નિયમ–૧૯૭૧ ના નિયમ –૭૫ મુજબ ની સને ૨૦૦૪ થી ૨૦૧૫ સુધીની નકલ ( કોન્ટ્રાકટર ઘ્વારા કામદારોનું નિભાવવામાં આવતું રજીસ્ટર) (૪) પિન્સીપલ એમ્પ્લોયરનું વાર્ષિક રીટર્ન નિયમ–૮૨(૨) મુજબ સને ૨૦૦૪ થી ૨૦૧૫ ની કોપી (૫)સને ૨૦૦૪ થી ૨૦૧૫ હાજરીપત્રક વિગેરે દસ્તાવેજો માંગતી પ્રોડકશન

અરજી કરતાં તેમાં પક્ષકારોને સાંભળીને ઉપલબ્ધ દસ્તાવેજો રજુ કરવા વિકલ્પે સોગંદનામું રજુ કરવું એવો હુકમ કરવામાં આવેલ.

(૫) આ કામમાં પ્રથમ પક્ષકાર નંબર (૧) એ.પી.એમ.સી. સંસ્થા તરફથી આંક–૧૩ થી જવાબ રજુ કરી રેફરન્સની હકીકતોનો ઈનકાર કરી એવી તકરાર લીધેલ છે કે, સંસ્થા અને શ્રમયોગી વચ્ચે કયારેય માલિક–નોકરના સંબંધો ન હતાં. સંસ્થાએ શ્રમયોગીને કયારેય નોકરીમાં રાખેલ ન હોવાથી સંસ્થા અને શ્રમયોગી વચ્ચે આઈ. ડી. એકટની કલમ–૨(કે) અન્વયે કોઈ ઔદ્યોગિક તકરાર ઉપસ્થિત થતી નથી. બીજા પક્ષકાર શ્રમયોગી પ્રથમ પક્ષકાર નંબર (૨) અને (૩) કોન્ટ્રાકટરના કામદાર હતાં અને શ્રમયોગીએ સંસ્થાને પક્ષકાર બનાવી હાલનો ખોટો રેફરન્સ કરેલ છે. વધુમાં એવી પણ હકીકત જણાવેલ છે કે, સંસ્થાએ પ્રથમ પક્ષકાર નંબર (૨) સૂર્યા સિકયુરીટીને કોન્ટ્રાકટ આપેલ અને સદર કોન્ટ્રાકટર મારફતે શ્રમયોગી નોકરીની ફરજો બજાવતાં હતાં. પરંતું શ્રમયોગીએ સત્ય હકીકતો છુપાવીને હાલનો ખોટો રેફરન્સ કરેલ છે. સંસ્થામાં સૂર્યા સિકયુરીટીનો કોન્ટ્રાકટ પુરો થતાં સંસ્થાએ પ્રથમ પક્ષકાર નંબર (૩) જયદુર્ગા સિકયુરીટીને લેબર કોન્ટ્રાકટ આપેલો. લેબર કોન્ટ્રાકટર તેમના માણસો રાખતા અને તેઓને કામની સોંપણી, વહેંચણી, સુપરવિઝન, પગાર, હાજરીકાર્ડ, પગારચિઠ્ઠી તથા રજાઓ કોન્ટ્રાકટર કરતાં હતાં. તેઓની ઉપર કોન્ટ્રાકટરની સીધી દેખરેખ હોવાથી સંસ્થાને કોઈ લેવાદેવા નથી. કોન્ટ્રાકટરે સિકયુરીટીનું લાયસન્સ મેળવેલ હતું. સિકયુરીટી એ સંસ્થાની મુખ્ય કામગીરીનો ભાગ નથી અને તે સંસ્થાનું આનુસાંગિક કામ નથી. બીજા પક્ષકાર શ્રમયોગી સંસ્થાના કામદાર ન હોવાથી સંસ્થાએ શ્રમયોગીને છુટા કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. માહે : એપ્રિલ–૨૦૧૫ ના માસમાં સંસ્થામાં પ્રથમ પક્ષકાર નંબર (૨) સૂર્યા સિકયુરીટીનો કોન્ટ્રાકટ પુરો થતાં પ્રથમ પક્ષકાર નંબર (૩) જયદુર્ગા સિકયુરીટીને લેબર કોન્ટ્રાકટ આપવામાં આવેલ અને જયદુર્ગા સિકયુરીટીનો કોન્ટ્રાકટ માહે : માર્ચ–૨૦૧૬ માં પુરો થયેલ છે. કોન્ટ્રાકટર તેઓની જરૂરીયાત મુજબ સિકયુરીટી વોચમેનોની ભરતી કરે છે જેમાં સંસ્થાને કોઈ નિસ્બત નથી. પ્રથમ પક્ષકાર સંસ્થાએ પ્રથમ પક્ષકાર નંબર (૨) અને પ્રથમ પક્ષકાર નંબર (૩) કોન્ટ્રાકટરોને જુદા–જુદા સમયગાળા માટે ચોકકસ સમય પુરતો સિકયુરીટીનો કોન્ટ્રાકટ આપેલ અને સદર કોન્ટ્રાકટના આધારે કોન્ટ્રાકટરો સિકયુરીટી માટે માણસો પુરા પાડતાં હતાં અને કોન્ટ્રાકટ મુજબ લેબર કોન્ટ્રાકટર જાતે તેઓને નાણાંની ચુકવણી કરતાં હતાં. આમ, પ્રથમ પક્ષકાર નંબર (૧) સંસ્થા તરફે ઉપરોકત હકીકતોએ જવાબ

રજુ કરી, બીજા પક્ષકાર શ્રમયોગીને સંસ્થાએ કયારેય નોકરીમાં રાખેલ ન હોવાથી તેમજ શ્રમયોગી અને સંસ્થા વચ્ચે માલિક–નોકરના સંબંધો પ્રસ્થાપિત થતાં ન હોવાથી રેફરન્સ ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

પ્રથમ પક્ષકાર નંબર (૩) કોન્ટ્રાકટર જે.ડી.જે. સિકયુરીટી તરફે આંક–૧૬ થી લેખિત જવાબ રજુ કરી રેફરન્સની હકીકતોનો ઈનકાર કરી એવી તકરાર લીધેલ છે કે, પ્રથમ પક્ષકાર નંબર (૧) સંસ્થામાં તારીખ : ૩૧/૦૩/૨૦૧૭ સુધી તેઓનો લેબર કોન્ટ્રાકટ હતો અને તારીખ : ૩૦/૦૩/૨૦૧૭ ના પત્રથી તારીખ : ૦૧/૦૪/૨૦૧૭ ના રોજથી સંસ્થામાં તેઓનો કોન્ટ્રાકટ સમાપ્ત થયેલ છે. કોન્ટ્રાકટ પુરો થતાં કામદારોની નોકરી તેઓના કોન્ટ્રાકટમાં સમાપ્ત થયેલ પરંતું તેઓએ કામદારોને છુટા કરેલ નથી. બીજા પક્ષકાર શ્રમયોગીને તેઓએ છુટા કરેલ ન હોવાથી આઈ. ડી. એકટની કલમ–૨(કે) અન્વયે કોઈ ઔદ્યોગિક તકરાર ઉપસ્થિત થતી ન હોવાથી રેફરન્સ રદ થવાપાત્ર છે. સંસ્થામાં કોન્ટ્રાકટ પુરો થતાં શ્રમયોગી તેઓના કામદાર રહેતાં ન હોવાથી પણ હાલનો રેફરન્સ ટકવાપાત્ર નથી. વધુમાં એવી પણ હકીકત જણાવેલ છે કે, તેઓને પ્રથમ પક્ષકાર નંબર (૧) સંસ્થામાં તારીખ : ૦૧/૦૪/૨૦૧૫ ના રોજથી સિકયુરીટી સર્વિસ પુરી પાડવા અંગે કોન્ટ્રાકટ આપવામાં આવેલ અને તારીખ : ૩૦/૦૩/૨૦૧૭ ના પત્રથી તારીખ : ૦૧/૦૪/૨૦૧૭ ના રોજથી સંસ્થામાં તેઓનો કોન્ટ્રાકટ સમાપ્ત થયેલ છે. તેઓએ બીજા પક્ષકાર શ્રમયોગીને છુટા કરેલ નથી પરંતું તેઓનો કોન્ટ્રાકટ પુરો થવાથી મળેલ માહિતી મુજબ તેઓ બીજા કોન્ટ્રાકટ મારફતે પ્રથમ પક્ષકાર નંબર (૧) સંસ્થાની પ્રિમાઈસીસમાં તેઓની ફરજો બજાવે છે. તેઓએ સિકયુરીટીનો કોન્ટ્રાકટ લીધેલ હતો અને તેઓના સુપરવાઈઝરો શ્રમયોગીનું સુપરવિઝન કરતાં હતાં અને જયાં સુધી તેઓનો કોન્ટ્રાકટ હતો ત્યાં સુધી તેઓના સુપરવાઈઝર મારફતે કામદારો પાસેથી કામ લેતાં હતાં અને કોન્ટ્રાકટ પુરો થતાં શ્રમયોગી નવા કોન્ટ્રકટર સ્ટાર સિકયુરીટી મારફતે તેઓની ફરજો બજાવે છે. આમ, પ્રથમ પક્ષકાર નંબર (૩) કોન્ટ્રાકટર તરફે ઉપરોકત હકીકતોએ જવાબ રજુ કરી બીજા પક્ષકાર શ્રમયોગીનો રેફરન્સ ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

આ કામે પ્રથમ પક્ષકાર નંબર (૨) કોન્ટ્રાકટર સૂર્યા સિકયુરીટી સર્વિસ પ્રાઈવેટ લીમીટેડ તરફે કોઈ જ જવાબ રજુ કરવામાં આવેલ નથી.

(૬) બીજા પક્ષકાર શ્રમયોગી તરફથી રેફરન્સની હકીકતો સાબિત કરવા માટે નીચે મુજબ મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ છે, જયારે શ્રમયોગી તરફે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ

નથી.

:: **મૌખિક પુરાવો** ::

૧. આંક–૯ શ્રમયોગી મહેશભાઈ સુરેશભાઈ કહારનું પુરાવાનું સોગંદનામું.

ત્યારબાદ શ્રમયોગી તરફે આંક–૧૯ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી તેઓનો પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કરેલ છે.

(૭) આ કામે પ્રથમ પક્ષકાર નંબર (૧) સંસ્થા એ.પી.એમ.સી. તરફે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી અને પ્રથમ પક્ષકાર નંબર (૩) કોન્ટ્રાકટર જે.ડી.જે. સિકયુરીટી સર્વિસ તરફથી પણ કોઈ મૌખિક પુરાવો રજુ કરેલ નથી પરંતું રેફરન્સ (એલ.સી.વી.) નંબર : ૨૭૫/૨૦૧૫ ના કામે આંક–૧૮ ના લિસ્ટથી નિ. ૧૮/૧ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી જયદુર્ગા સિકયુરીટીને લખેલ પત્રની નકલ, તારીખ : ૧૪/૦૯/૨૦૧૧, નિ. ૧૮/૨ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી જયદુર્ગા સિકયુરીટીના વર્ક ઓર્ડરની નકલ, તારીખ : ૧૨/૦૩/૨૦૧૫, નિ. ૧૮/૩ લેબર કોન્ટ્રાકટની નકલ, નિ. ૧૮/૪ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતીએ જયદુર્ગા સિકયુરીટીનો કોન્ટ્રાકટ સમાપ્ત કરેલ તે પત્રની નકલ, તારીખ : ૩૦/૦૩/૨૦૧૭.

ત્યારબાદ પ્રથમ પક્ષકાર નંબર (૧) સંસ્થા એ.પી.એમ.સી. તથા પ્રથમ પક્ષકાર નંબર (૩) કોન્ટ્રાકટર જે.ડી.જે. સિકયુરીટી સર્વિસ તરફથી આંક–૨૦ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી તેઓનો પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કરેલ છે. જયારે પ્રથમ પક્ષકાર નંબર (૨) કોન્ટ્રાકટર તરફે કોઈ જ પુરાવો રજુ કરવામાં ન આવતાં તેઓનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૮) ત્યારબાદ શ્રમયોગી તરફે રેફરન્સ (એલ.સી.વી.) નંબર : ૨૭૫/૨૦૧૫ ના કામે આંક–૨૬ થી લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે, જે વંચાણે લીધી. જયારે પ્રથમ પક્ષકાર નંબર (૧) સંસ્થા એ.પી.એમ.સી. તથા પ્રથમ પક્ષકાર નંબર (૩) કોન્ટ્રાકટર જે.ડી.જે. સિકયુરીટી સર્વિસના વિ. વકીલશ્રી એસ. જે. શાહની દલીલો સાંભળી. જયારે પ્રથમ પક્ષકાર નંબર (૨) કોન્ટ્રાકટર સૂર્યા સિકયુરીટી સર્વિસ પ્રાઈવેટ લીમીટેડ તરફથી કોઈ દલીલો કરવામાં આવેલ નથી.

(૯) આ કામે રેકર્ડ ઉપરની હકીકતો, રજુઆતો અને દલીલો ધ્યાને લેતાં આ રેફરન્સના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

:: <u>મુદ્દાઓ</u> ::

**૧.** શું શ્રમયોગી સાબિત કરે છે કે, તેઓ સંસ્થાના કામદાર હતાં અને તેમને ગેરકાયદેસર રીતે અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધ બચાવની તક આપ્યા સિવાય નોકરીમાંથી છુટા કરવામાં આવેલ છે ?

**૨.** શું સંસ્થા સાબિત કરે છે કે, શ્રમયોગી કોન્ટ્રાકટરના કામદાર હતાં ?

**૩.** શું શ્રમયોગીને સામાવાળાઓએ ગેરકાયદેસર રીતે અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધ છુટા કરેલાં છે ?

**૪.** શું શ્રમયોગી એ હકીકત સાબિત કરે છે કે, તેમને ગેરકાયદેસર રીતે અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધ છુટા કરેલાં હોય તેઓ મૂળ જગ્યાએ સાતત્ય સહિત પડેલા દિવસોના પગાર તથા મળવાપાત્ર લાભો સહિત નોકરીમાં પુન: સ્થાપિત થવા હકકદાર થાય છે ?

**૫.** શું હુકમ ?

(૧૦) :: <u>જવાબ</u> ::

**૧.** નકારમાં.

**૨.** હકારમાં.

**૩.** અંશત: હકારમાં.

**૪.** અંશત: હકારમાં.

**૫.** આખરી હુકમ મુજબ.

:: <u>કારણો</u> ::

**(૧૧) <u>મુદ્દા નંબર (૧) થી (૪)</u> :**

આ કામે ચારેય મુદ્દાઓ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલાં હોય ચારેય મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવી હું જરૂરી સમજું છું.

પ્રસ્તુત રેફરન્સની હકીકતો જોવામાં આવે તો, પ્રસ્તુત રેફરન્સમાં બીજા પક્ષકાર શ્રમયોગીને તેમની અસલ જગ્યાએ પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં પુન: સ્થાપિત કરવા કે કેમ ? એટલી હકીકતોનો નિર્ણય કરવાનો છે. આ કામે સંસ્થા તરફથી એક જ તકરાર લેવામાં આવેલ છે કે, શ્રમયોગી સંસ્થાના કામદાર ન હતાં અને તેમની વચ્ચે માલિક–નોકરનો સંબંધ ન હતો, તેમને પ્રથમ પક્ષકાર નંબર (૨) અને પ્રથમ પક્ષકાર નંબર (૩) કોન્ટ્રાકટરો ધ્વારા કામ

ઉપર રાખવામાં આવેલ હતાં અને શ્રમયોગીને પગાર કોન્ટ્રાકટરો ચુકવતાં હતાં તેમજ કામની દેખરેખ પણ કોન્ટ્રાકટરો રાખતાં હતાં.

શ્રમયોગી તરફથી ઉપરોકત હકીકતો સાબિત કરવા માટે આંક–૯ થી એવો પુરાવો આપવામાં આવેલો છે કે, તેઓ પ્રથમ પક્ષકાર નંબર (૧) સંસ્થામાં તારીખ : ૦૧/૦૧/૨૦૦૪ થી વોચમેન તરીકે સિકયુરીટી ખાતામાં દૈનિક રૂા. ૨૦૦/– ના પગારથી ખંત અને વફાદારીપૂર્વક ફરજો બજાવતાં હતાં. તેઓએ નોકરીમાં દાખલ થયા ત્યારથી સંસ્થામાં સતત અને સળંગ ફરજો બજાવેલ છે. પ્રથમ પક્ષકાર નંબર (૧) જુદા–જુદા કોન્ટ્રાકટ હેઠળ કામદારોને કામ ઉપર રાખતા હતાં અને સરકારશ્રી ઘ્વારા બહાર પાડેલ લઘુત્તમ વેતન ચુકવતા ન હતાં તેથી તેઓ યુનિયનમાં જોડાયેલ અને આ બાબતની ફરીયાદ સરકારી મજુર અધિકારીશ્રીને કરેલ હતી. વધુમાં તેઓના કામનું સુપરવિઝન સંસ્થાના મેનેજર તથા સુપરવાઈઝરો કરતાં હતાં અને પ્રથમ પક્ષકાર નંબર (૨) નો કોન્ટ્રાકટ માત્ર નામ પુરતો જ તથા પેપર અરેન્જમેન્ટ પુરતો જ રાખવામાં આવેલ. તેઓને કાયદેસરના હકકો ચુકવી આપવા ના પડે તેવા બદઆશયથી સંસ્થાએ શામ અને બોગસ કોન્ટ્રાકટ ઉપજાવી કાઢેલ છે. તેઓ સંસ્થામાં કોન્ટ્રાકટરના તાબા હેઠળ કામ કરતાં હતાં ત્યારે તેઓને કાયદેસરના લાભો ચુકવી આપવામાં ન આવતાં તેઓએ યુનિયન મારફતે સરકારી મજુર અધિકારીશ્રી, રીજીઓનલ પી.એફ. કમિશ્નરશ્રી, ઈ.એસ.આઈ. કોર્પોરેશનને ફરીયાદ કરતાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ તેઓને કિન્નાખોરી રાખી નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે.

બીજા પક્ષકાર શ્રમયોગીની પ્રથમ પક્ષકાર નંબર (૧) તથા (૩) ના વકીલશ્રી ઘ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ જોવામાં આવે તો, ''એ વાતની મને ખબર છે કે, એ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમા નોકરી કરતો હોય તેની પાસે એપીએમસીનું આઈકાર્ડ અને નિમણુંક પત્ર હોય. એ વાત ખરી છે કે મારી પાસે એપીએમસીનું આઈકાર્ડ અને નિમણુંકપત્ર નથી. હું સને ૨૦૧૨ માં સૂર્યા સિકયુરીટી સર્વિસના કોન્ટ્રાકટમાં એપીએમસી માં જોડાયેલો. એ વાતની મને ખબર છે કે એપીએમસી ઘ્વારા સૂર્યા સિકયુરીટી સર્વિસને સિકયુરીટીનો કોન્ટ્રાકટ આપેલો. મેં સૂર્યા સિકયુરીટી સર્વિસમાં ૩ વર્ષ કામ કરેલું. મેં છેલ્લે ૦૧/૦૪/૨૦૧૫ માં સૂર્યા સિકયુરીટી સર્વિસમાં કામ કરેલું. મેં સોગંદનામુ વાચેલુ છે. મેં જય દુર્ગા (જે.ડી.) સિકયુરીમાં એક વર્ષ કામ કરેલું છે. મને ચોકકસ તારીખ યાદ નથી, મને કઈ તારીખથી કઈ તારીખ સુધી કામ કરેલુ પરંતુ મેં ૧૫ મહીના જે.ડી. સિકયુરીટીમાં નોકરી કરેલી.

એ વાત ખરી છે કે સૂર્યા સિકયુરીટીનો કોન્ટ્રાકટ પૂરો થયા બાદ જે.ડી. સિકયુરીટીના કોન્ટ્રાકટમાં અમોને કામ આપેલું. સૂર્યા સિકયુરીટી વાળા અમને પગાર આપતા હતા. અમોને એ.પી.એમ.સી. અને સૂર્યા સિકયુરીટીવાળાએ અમને છૂટા કરેલા. એ વાત ખરી છે કે સૂર્યા સિકયુરીટી વાળા તેમના પગાર પત્રકમાં અમારી સહી લઈને અમને પગાર આપતા હતા. એ વાત ખરી નથી કે અમારે કયાં કામ કરવાનું તે અમને એપીએમસી દ્વારા જણાવવામાં આવતું હતુ. અમને એપીએમસી કામ સોંપતુ હતુ એવો કોઈ લેખિત દસ્તાવેજ આ કેસમાં રજૂ કરેલ નથી. અમારો પી.એફ. કોણ કાપતુ હતુ એ મને ખબર નથી. એ વાત ખરી છે કે જયદુર્ગા સિકયુરીટીનો કોન્ટ્રાકટ પૂરો થયા બાદ બીજો કોન્ટ્રાકટ અમલમાં આવેલો. હાલ હું સ્ટાર સિકયુરીટી સર્વિસનો કોન્ટ્રાકટ જયારથી આવ્યો, તા. ૦૧/૦૪/૨૦૧૭ થી એ.પી.એમ.સી.માં કામ કરૂ છું. ત્યારથી આજદિન સુધી હું સ્ટાર સિકયુરીટી કોન્ટ્રાકટના કામ પર ચાલુ છું. જયદુર્ગા સિકયુરીટીનો કોન્ટ્રાકટ તા. ૦૧/૦૪/૨૦૧૫ થી આવેલો. અને અમોને જયદુર્ગા સિકયુરીટી દ્વારા મે–૨૦૧૫ માં કામ પર લીધેલા. એ વાત ખરી છે કે મારા સોગંદનામામાં મને મે–૨૦૧૫ થી જયદુર્ગા વાળાએ કામ પર લીધેલા એવું દર્શાવેલ નથી. આ એક મહિના દરમિયાન મારો રૂા. ૧૦,૦૦૦/– જેટલો ઘરખર્ચ આવતો હતો. અને આ ઘરખર્ચ હું કમાઈને ચલાવતો હતો.''

(૧૨) આ કામે શ્રમયોગીના ઉપરોકત પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો શ્રમયોગીએ તેમના માંગણાના નિવેદન અને સોગંદનામારૂપી પુરાવામાં સ્પષ્ટ પુરાવો આપેલ છે કે, તેઓ પ્રથમ પક્ષકાર નંબર (૧) સંસ્થામાં કોન્ટ્રાકટ મારફતે દાખલ થયેલા. આ કામે પ્રથમ પક્ષકાર નંબર (૧) અને પ્રથમ પક્ષકાર નંબર (૩) તરફે શ્રમયોગીની કરવામાં આવેલ ઉલટ તપાસ વંચાણે લેતાં, હાલના અરજદાર સને : ૨૦૧૨ માં સૂર્યા સિકયુરીટી સર્વિસના કોન્ટ્રાકટમાં એ.પી.એમ.સી. સંસ્થામાં જોડાયેલાં. એ વાતની મને ખબર છે કે, એ.પી.એમ. સી. દ્વારા સૂર્યા સિકયુરીટી સર્વિસને સિકયુરીટીનો કોન્ટ્રાકટ આપેલો. મેં સૂર્યા સિકયુરીટીમાં ૩ વર્ષ કામ કરેલું. મેં જયદુર્ગા (જે.ડી.) સિકયુરીટીમાં ૧ વર્ષ કામ કરેલું છે. મને ચોકકસ તારીખ યાદ નથી કે મેં કઈ તારીખથી કઈ તારીખ સુધી કામ કરેલું પરંતું મેં ૧૫ મહીના જે. ડી. સિકયુરીટીમાં નોકરી કરેલી. એ વાત ખરી છે કે, સૂર્યા સિકયુરીટીવાળાનો કોન્ટ્રાકટ પુરો થયા બાદ જે. ડી. સિકયુરીટીના કોન્ટ્રાકટમાં અમોને કામ આપેલું. એ વાત ખરી છે કે, જયદુર્ગા સિકયુરીટીનો કોન્ટ્રાકટ પુરો થયા બાદ બીજો કોન્ટ્રાકટ અમલમાં આવેલો. હાલ હું સ્ટાર સિકયુરીટીનો

કોન્ટ્રાકટ જયારથી આવ્યો તારીખ : ૦૧/૦૪/૨૦૧૭ થી એ.પી.એમ.સી. માં કામ કરું છું ત્યારથી આજદીન સુધી હું સ્ટાર સિકયુરીટી કોન્ટ્રાકટના કામ ઉપર ચાલુ છું. જયદુર્ગા સિઘયુરીટીનો કોન્ટ્રાકટ તારીખ : ૦૧/૦૪/૨૦૧૫ થી આવેલો અને અમોને જયદુર્ગા સિઘયોરીટીનો કોન્ટ્રાકટ પુરો થયા બાદ હું એક મહીનો બેકાર રહેલો. આ કામે શ્રમયોગીની ઉલટ તપાસ વંચાણે લેતાં એ હકીકત સ્પષ્ટપણે ફલીત થાય છે કે, પ્રથમ પક્ષકાર નંબર (૧) કંપનીમાં કોન્ટ્રાકટ ચાલતો હતો, પરંતું માત્ર પ્રથમ પક્ષકાર નંબર (૧) કંપનીમાં કોન્ટ્રાકટ ચાલતો હોવાના કારણે શ્રમયોગી કંપનીના કામદાર છે તેવું કહી શકાય નહીં. આમ, શ્રમયોગી પ્રથમ પક્ષકાર નંબર (૨) કોન્ટ્રાકટર સૂર્યા સિકયુરીટી સર્વિસ અને ત્યારબાદ પક્ષકાર નંબર (૩) કોન્ટ્રાકટર જે. ડી. જે. સિકયુરીટી સર્વિસીસમાં કામ કરતાં હતાં અને તેમની વચ્ચે કામદાર–માલિકનો સંબંધ હતો તે હકીકત સાબિત થાય છે. માત્ર કંપનીમાં કોન્ટ્રાકટ ચાલતો હોવાથી તેઓ કંપનીના કામદાર છે તેવું કહી શકાય નહીં. આમ, માત્ર શ્રમયોગીનું કામ પ્રથમ પક્ષકાર નંબર (૧) કંપનીમાં ચાલતું હોવાથી તેઓ કંપનીના કામદાર છે તેવું સાબિત થતું નથી. આ ઉપરાંત ઉલટ તપાસમાં શ્રમયોગીએ એવી હકીકત પણ સ્વીકારેલ છે કે, હું એ.પી.એમ.સી. માં કામ કરતો હોય તેવો કોઈ નિમણૂંક પત્ર કે આઈકાર્ડ મારી પાસે નથી. આમ, શ્રમયોગીની ઉલટ તપાસની સ્વીકૃતિથી જ એ હકીકત સાબિત થઈ જાય છે કે, શ્રમયોગી કંપનીના કામદાર ન હતાં અને તેઓ કોન્ટ્રાકટરના કામદાર હતાં.

આ કામે સામાવાળા નંબર (૧) એ.પી.એમ.સી. તરફથી શ્રમયોગીની ઉલટ તપાસમાં સફળતાપૂર્વક એ હકીકત સાબિત કરવામાં આવેલ છે કે, શ્રમયોગી કોન્ટ્રાકટરના કામદાર હતાં.

**(૧૩)** આ કામે શ્રમયોગીને કોણે છુટા કર્યા છે ? અને તેમને ગેરકાયદેસર અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધ છુટા કરવામાં આવેલ છે કે કેમ ? અને છુટા કરતી વખતે આઈ.ડી.એકટની કલમ–૨૫(એફ) ની આદેશાત્મક જોગવાઈનું પાલન કરવામાં આવેલ નથી તે હકીકતને લગતો સવાલ છે ત્યાં સુધી શ્રમયોગીએ તેમના માંગણાના નિવેદનમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે તેઓએ લઘુત્તમ વેતન, પગારચિઠ્ઠી, હાજરીકાર્ડ, પ્રોવિડન્ડ ફંડ વિગેરેની યુનિયન મારફતે માંગણી કરતાં સામાવાળાઓએ કિન્નાખોરી રાખી કામદારોને મૌખિક હુકમથી છુટા કરી દીધેલા અને તે હકીકત સાબિત કરવા માટે તેઓએ આંક–૯ થી સોગંદ ઉપરનો પુરાવો જોવામાં આવે તો, સામાવાળા નંબર (૨) અને (૩) કોન્ટ્રાકટરને ત્યાં સને : ૨૦૦૪ થી નોકરી કરતા

હોવાની હકીકત જણાવે છે અને સામાવાળાએ તેઓને સામાવાળા નંબર (૩) કોન્ટ્રાકટર ઔદ્યોગિક વિવાદની જોગવાઈનો ભંગ કરીને ગેરકાયદેસર રીતે છુટા કરી દીધેલા છે.

**૧૩.૧** આ કામે જયારે અરજદાર સામાવાળા નંબર (૨) અને (૩) માં સતત અને સળંગ નોકરી કરેલાંની હકીકત જણાવતા હોય અને તેઓને ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈનો ભંગ કરીને છુટા કર્યાની હકીકત જણાવતાં હોય ત્યારે સામાવાળા નંબર (૨) અને (૩) કોન્ટ્રાકટરે તે હકીકત ખંડન કરતો પુરાવો  કે જે તેમના કબજામાં રહેલ પગાર ચીઠ્ઠી, પગાર પત્રક, કેટલું વેતન ચૂકવેલ છે તે વિગતોના દસ્તાવેજી પુરાવા તથા મૌખિક પુરાવો રજુ કરીને સાબિત કરવું પડે. આ કામે કાયદાકીય જોગવાઈ અન્વયે અરજદારની નોકરી પરત્વેના જરૂરી દસ્તાવેજો, પુરાવા માલિકે રજુ કરવા જોઈએ. માલિક આવા દસ્તાવેજો રજુ ન કરે તો તેની વિરૂધ્ધનું અનુમાન કરી શકાય.  આ કામે અરજદાર તરફે આંક–૮ થી સામાવાળાઓ પાસેથી દસ્તાવેજો રજુ કરવા માટે અરજી કરેલ અને તેમાં નામદાર કોર્ટ ધ્વારા દસ્તાવેજો રજુ કરવા વિકલ્પે સોગંદનામું કરવું તેવો હુકમ થયેલ હોવા છતાં સામાવાળા નંબર (૨) તરફે કોઈ પગાર પત્રક, વાઉચર, કોન્ટ્રાકટ લાયસન્સ, કોન્ટ્રાકટ લેબરનું કામદારોનું નિભાવવામાં આવતું રજીસ્ટર, સને : ૨૦૦૪ થી સને : ૨૦૧૫ ના વર્ષનું હાજરી પત્રક જેવા કોઈ દસ્તાવેજી પુરાવા કે કોઈ મૌખિક પુરાવા રજુ કરેલ નથી.

**૧૩.૨** આ કામે શ્રમયોગી તરફે એવો પણ પુરાવો આપવામાં આવેલ છે કે તેમને છુટા કરતી વખતે આઈ.ડી.એકટની કલમ–૨૫(એફ)નું પાલન કરવામાં આવેલ નથી. તેમને કોઈ નોટીસ, નોટીસ પગાર કે છટણી વળતર આપવામાં આવેલ નથી. કંપની તરફે ઉલટ તપાસમાં આ હકીકતનું ખંડન કરવામાં આવેલ નથી. પ્રથમ પક્ષકાર નંબર (૨) કોન્ટ્રાકટર એ હકીકત બતાવી શકેલ નથી કે શ્રમયોગીને છુટા કરતી વખતે આઈ.ડી.એકટની કલમ–૨૫(એફ) ની જોગવાઈઓનું પાલન કરવામાં આવેલ છે અને જયારે શ્રમયોગીને આઈ.ડી. એકટની કલમ–૨૫(એફ)ની જોગવાઈનો ભંગ કરીને છુટા કરવામાં આવેલ હોય ત્યારે કોન્ટ્રાકટરનું પગલું ગેરકાયદેસર સાબિત કરવામાં અરજદાર સફળ રહેલ છે.

**૧૩.3** આ કામે અરજદાર તરફે તેઓના માંગણાંના નિવેદન અને પુરાવામાં પ્રથમ પક્ષકાર નંબર (૧) માં તારીખ : ૦૧/૦૧/૨૦૦૪ થી વોચમેન તરીકે જુદા–જુદા કોન્ટ્રાકટમાં કામ કરતાં હતાં. આ કામે અરજદારની ઉલટ તપાસ વંચાણે લેવામાં આવે તો અરજદારે છેલ્લે જે.ડી.જે. સિકયુરીટીમાં કામ કરેલ છે તેવી હકીકત સ્વીકારેલ છે કે સૂર્યા સિકયુરીટીનો કોન્ટ્રાકટ પુરો થયા બાદ જે.ડી.જે.

સિક્યુરીટીના કોન્ટ્રાકટમાં તેમને કામ આપેલું. વધુમાં જયદુર્ગા સિક્યુરીટીનો કોન્ટ્રાકટ પુરો થયા બાદ બીજો કોન્ટ્રાકટ કરવામાં આવેલો છે અને હાલ તેઓ સ્ટાર સિક્યુરીટીના કોન્ટ્રાકટ તારીખ : ૦૧/૦૪/૨૦૧૭ થી અમલમાં આવેલ ત્યારથી એ.પી.એમ.સી. માં કામ કરે છે. વધુમાં જયદુર્ગા સિક્યુરીટીનો કોન્ટ્રાકટ પુરો થયા બાદ એક મહીનો હું બેકાર રહેલ છું. આ કામે અરજદારની ઉપરોકત ઉલટ તપાસ વંચાણે લેતાં એ હકીકત ફલીત થાય છે કે, અરજદાર સૌપ્રથમ એ.પી.એમ.સી. માં સૂર્યા સિક્યુરીટી સર્વિસમાં જોડાયેલાં અને ત્યારબાદ સૂર્યા સિક્યુરીટી સર્વિસનો કોન્ટ્રાકટ પુરો થયા બાદ જે.ડી.જે. સિક્યુરીટી સર્વિસ પ્રાઈવેટ લીમીટેડનો કોન્ટ્રાકટ અમલમાં આવેલો અને તેઓએ જે.ડી.જે. સિક્યુરીટી સર્વિસમાં ૧૫ મહીના નોકરી કરેલી. જેથી સૂર્યા સિક્યુરીટી સર્વિસીસ દ્વારા તેઓને છુટા કરેલ હોય તેવી હકીકત ફલીત થતી નથી એટલે કે સૂર્યા સિક્યુરીટીનો કોન્ટ્રાકટ પુરો થયા બાદ જે.ડી.જે. સિક્યુરીટી સર્વિસનો કોન્ટ્રાકટ અમલમાં આવેલો એટલે સૂર્યા સિક્યુરીટી સર્વિસના કોન્ટ્રાકટમાં અરજદારને પુન: સ્પાપિત કરવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી. જેથી સૂર્યા સિક્યુરીટી સર્વિસની કોઈ જવાબદારી ઠરાવવામાં આવતી નથી. વધુમાં હાલના અરજદારને જે.ડી.જે. સિક્યુરીટી સર્વિસમાં કામ કરતાં હતાં અને જે. ડી. જે. સિક્યુરીટીએ તેઓને છુટા કરતી વખતે કોઈ નોટીસ પગાર કે છટણી વળતર આપેલ હોય તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી એટલે કે ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈ ૨૫(એફ) નો ભંગ કરીને અરજદારને છુટા કરેલ હોવાનું ફલીત થાય છે. આ કામે અરજદાર તરફે તેઓની ઉલટ તપાસમાં એવી હકીકત પણ સ્વીકારેલ છે કે, જયદુર્ગા સિક્યુરીટીનો કોન્ટ્રાકટ પુરો થયા બાદ એક મહીનો બેકાર રહેલાં. જયદુર્ગાનો કોન્ટ્રાકટ પુરો થયા બાદ સ્ટાર સિક્યુરીટીનો કોન્ટ્રાકટ આવેલ અને સ્ટાર સિક્યુરીટીનો કોન્ટ્રાકટ જયારથી આવ્યો તારીખ : ૦૧/૦૪/૨૦૧૭ થી હું એ.પી.એમ.સી. માં કામ કરું છું. એવી હકીકત ઉલટ તપાસમાં સ્વીકારતા હોય તયારે હાલના અરજદાર કામ ઉપર ચાલુ હોઈ તેથી તેઓને રીઈન્સ્ટેટ કરવનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી પરંતું તેઓ તેમની ઉલટ તપાસમાં એક મહીનો બેકાર રહેલ હોવાની હકીકત જણાવતાં હોય ત્યારે જે. ડી. જે. સિક્યુરીટી કોન્ટ્રાકટ દ્વારા તેઓને ઔદ્યોગિક વિવાદધારાની કલમ–૨૫(એફ) નો ભંગ કરીને છુટા કરેલ હોય ત્યારે પડેલા દિવસોના પગારના ૫૦% બેકવેજીસ આપવામાં આવે તો ન્યાયનો હેતું જળવાશે એવું મારૂ માનવું છે. આમ, ઉપરોકત તમામ ચર્ચાને અંતે મુદ્દા નંબર (૧) નો નિર્ણય

''નકારમાં'', મુદ્દા નંબર (૨) નો નિર્ણય ''હકારમાં'' તેમજ મુદ્દા નંબર (૩) તથા (૪) નો નિર્ણય ''અંશત: હકારમાં'' ઠરાવવામાં આવે છે અને મુદ્દા નંબર (૫) પરત્વે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## :: <u>આખરી હુકમ</u> ::

**(૧)** શ્રમયોગીનો રેફરન્સ અંશત: મંજુર કરવામા આવે છે.

**(૨)** શ્રમયોગીને છુટા કરવાનું સામાવાળા નંબર–૩ કોન્ટ્રાકટર જે.ડી.જે. સિકયુરીટી સર્વિસીસનું પગલું ગેરકાયદેસર ઠરાવવામાં આવે છે.

**(૩)** આ કામે અરજદારને સામાવાળા નંબર–૩ કોન્ટ્રાકટર જે.ડી.જે. સિકયુરીટી સર્વિસે પુન: સ્થાપિત કરવાના બદલે એક મહીનાના પડેલા દિવસોના પગારના ૫૦% બેકવેજીસ એવોર્ડ પ્રસિઘ્ધ થયેથી દિન–૩૦ માં ચુકવી આપવાં.

**(૪)** કોન્ટ્રાકટરે રેફરન્સ ખર્ચ પેટે રૂા. ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) શ્રમયોગીને ચુકવી આપવાં.

**(૫)** આ એવોર્ડનો અમલ એવોર્ડ પ્રસિઘ્ધ થયેથી દિન–૩૦ માં કરવાનો રહેશે.

**તારીખ : ૨૦/૦૫/૨૦૧૯**
**વડોદરા.**
આર. આર. પરમાર –પી.એ.

**(જાવેદભાઈ દાઉદભાઈ સિંધી)**
**જી.જે.૦૦૮૮૦**
**પ્રમુખ અધિકારી(સિનીયર ડીવીઝન)**
**મજુર અદાલત નંબર (૧), વડોદરા.**